# ભારતીય જનતા પક્ષ


**(કેન્દ્રીય કાર્યાલય)**

**11, અશોક રોડ, નવી દિલ્હી-01**

**ફોનઃ 011-23005700, ફેક્સઃ 011-23005787**


## 'સુશાસન સંકલ્પ, ભાજપ વિકલ્પ'ના નારા સાથે ચૂંટણી વ્યૂહ ઘડવા નવી દિલ્હીમાં ભાજપની રાષ્ટ્રીય કારોબારીની બેઠક

*ભાજપના રાષ્ટ્રીય ઉપ પ્રમુખ શ્રી મુખ્તાર અબ્બાસ નકવીનું પ્રેસ વક્તવ્ય*

નવી દિલ્હીઃ ભારતીય જનતા પક્ષની રાષ્ટ્રીય સમિતિ અને રાષ્ટ્રીય કારોબારીની બેઠક નવી દિલ્હીમાં પહેલી માર્ચથી યોજાશે અને તે ત્રણ દિવસ ચાલશે.

ભાજપના રાષ્ટ્રીય ઉપ પ્રમુખ શ્રી મુખ્તાર અબ્બાસ નકવીએ આ માહિતી આપતા જણાવ્યું કે પક્ષના રાષ્ટ્રીય પ્રમુખ શ્રી રાજનાથ સિંહના સંબોધન સાથે બેઠકનો પ્રારંભ થશે. બેઠકમાં દેશની આર્થિક, સામાજિક અને રાજકીય બાબતો વિશે ચર્ચાવિચારણા કરવામાં આવશે.

શ્રી નકવીએ વધુમાં ઉમેર્યું હતું કે રાષ્ટ્રીય કારોબારીની બેઠક ચાર સત્રમાં અને રાષ્ટ્રીય સમિતિની બેઠક નવ સત્રમાં યોજાશે. 'સુશાસન સંકલ્પ, ભાજપ વિકલ્પ'ના નારા સાથે તે બેઠકમાં લોકસભાની આગામી ચૂંટણીનો વ્યૂહ ઘડવામાં આવશે.

રાષ્ટ્રીય સમિતિ અને રાષ્ટ્રીય કારોબારીની બેઠકમાં દેશની આર્થિક, સામાજિક અને રાજકીય પરિસ્થિતિ તેમજ દેશ સમક્ષના ભાવિ પડકારો વિશે

વિચારવિમર્શ કરવામાં આવશે. તે ઉપરાંત ભ્રષ્ટાચાર, કૌભાંડો, ફુગાવો, આંતરિક સુરક્ષા, રાષ્ટીય સુરક્ષા, અંત્યોદય અને સુશાસન વિશે પણ ચર્ચા કરાશે.

રાષ્ટ્રીય સમિતિ અને રાષ્ટ્રીય કારોબારીના તમામ સભ્યો તથા લોકસભા અને રાજ્યસભાના સાંસદો, વિધાનસભ્યો, રાજ્યોના હોદ્દેદારો, વિવિધ મોરચાના રાષ્ટ્રીય સંયોજકો, તમામ જિલ્લા પ્રમુખો, મહામંત્રીઓ, ભાજપના મેયરો, જિલ્લા પંચાયતના પ્રમુખો, સંગઠન મંત્રીઓ આ બેઠકમાં ભાગ લેશે. કારોબારીની બેઠક નવી દિલ્હીના એનએમડીસી સેન્ટરમાં તથા રાષ્ટ્રીય સમિતિની બેઠક તાલકટોરા ઈન્ડોર સ્ટેડિયમમાં યોજવામાં આવશે.

(ઓ.પી.કોહલી)
હેડક્વાર્ટર ઈન્ચાર્જ